RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 91 * Date: 20.01.2025,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# કેન્દ્ર દ્વારા વાટાઘાટોના આમંત્રણ મળ્યા બાદ ૧૨૧ કિસાનોએ તોડ્યા ઉપવાસ, ડલ્લેવાલાના સમર્થનમાં કરી રહ્યા હતા વિરોધ



કિસાન નેતા જગજીત સિંહ દલેવાલ ૫૦ દિવસથી વધુ સમયથી ભૂખ હડતાળ પર છે. તેમના સમર્થનમાં ખાનૌરી બોર્ડર પર ભૂખ હડતાળ પર બેઠેલા ૧૨૧ ખેડૂતોએ આજે રવિવારે તેમની અનિશ્ચિત હડતાળ પાછી ખેંચી લીધી છે. હકીકતમાં જગજીત સિંહ દલેવાલ તબીબી સહાયતા માટે સંમત થયા બાદ ખેડૂતોએ તેમનો ઉપવાસ તોડ્યા છે. તેમણે ૨૬ નવેમ્બરથી ભૂખ હડતાળ શરૂ કરી હતી અને ત્યારથી તેઓ તબીબી સહાય લેવાનો ઈનકાર કરી રહ્યા હતા.જો કે સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે, કેન્દ્ર સરકારે શુક્રવારે ખેડૂતોની માંગણીઓને લઈને ૧૪ ફેબ્રુઆરીના રોજ વાતચીત કરવા માટે આમંત્રણ આપ્યું હતું. એ પછી દલેવાલ તબીબી સહાય લેવા સંમત થયા હતા. દલેવાલની બગડતી તબિયત અને સરકાર દ્વારા તેમની માંગણીઓ ન સ્વીકારવાના કારણે ૧૫ જાન્યુઆરીએ ૧૧૧ ખેડૂતોના ગ્રુપે ભૂખ હડતાળ શરૂ કરી હતી. ૧૭ જાન્યુઆરીએ બીજા વધુ ૧૦ ખેડૂતોએ વિરોધમાં જોડાયા હતા, જેઓ હરિયાણાનો રહેવાસી હતા.

આ ૧૨૧ ખેડૂતોએ ડેપ્યુટી પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ મનદીપ સિંહ સિદ્ધુ અને પટિયાલાના સિનિયર પોલીસ સુપ્રિન્ટેન્ડેડ નાનાક નાનક સિંહની હાજરીમાં જ્યુસ પીને પોતાનો ઉપવાસ તોડ્યો હતો.કેન્દ્રીય કૃષિ મંત્રાલયના સંયુક્ત સચિવ પ્રિય રંજનના નેતૃત્વમાં એક ઉચ્ચ સ્તરીય ટીમે શનિવારે ખેડૂત નેતા દલેવાલ અને સંયુક્ત કિસાન મોરચા તેમજ કિસાન મજૂર મોરચાના પ્રતિનિધિઓને મળ્યા. તેમને ચંદીગઢમાં ફરી વાટાઘાટો શરૂ કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું.પ્રસ્તાવિત બેઠકની જાહેરાત થયા બાદ દલેવાલ તબીબી મદદ લેવા સંમત થયા હતા. તેમને હાલમાં ઈન્ટ્રાવેનસ ડ્રિપ આપવામાં આવી રહ્યું છે. જોકે તેમણે એમ પણ કહ્યુ કે, 'જ્યાં સુધી અમને પાક પર સ્જૌંની કાનૂની ગેરંટી ન મળે ત્યાં સુધી અમે અમારા ઉપવાસ સમાપ્ત નહીં કરીએ.'

ઉલ્લેખનીય છે કે, ખેડૂતો અને કેન્દ્ર વચ્ચે લગભગ એક વર્ષથી મડાગાંઠ ચાલી રહી હતી. ખેડૂતો પંજાબ અને હરિયાણાની શંભુ અને ખાનૌરી બોર્ડર પર એકઠા થયેલા છે. ખેડૂતો એક વર્ષથી શંભુ બોર્ડર પર પોતાની માંગણીઓ લઈને બેઠા છે. તેમણે ફરીથી દિલ્હી તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ હરિયાણા પોલીસે તેમને બોરસરહદ પર અટકાવ્યો.

## હવામાન પલટાની અંબાલાલની આગાહી:ગાંધીનગરમાં આજે લઘુતમ તાપમાન ૧૮ ડિગ્રી અને પવનની ગતિ ૪ માઈલ પ્રતિ કલાક, ૨૭-૨૯ જાન્યુઆરીએ માવઠાની શક્યતા



ગાંધીનગરમાં આજે સવારે લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી નોંધાયું છે, જ્યારે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ, અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના ભેજને કારણે ગુજરાતમાં ૨૧થી ૩૦ જાન્યુઆરી દરમિયાન હવામાનમાં નોંધપાત્ર પલટો આવી શકે છે.વર્તમાન સ્થિતિમાં પાટનગરમાં પૂર્વ દિશામાંથી ૪ માઈલ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે અને ભેજનું પ્રમાણ ૩૧ ટકા જેટલું નોંધાયું છે. આગામી દિવસોમાં ૨૨ જાન્યુઆરીથી મજબૂત પશ્ચિમી વિક્ષેપની અસર શરૂ થવાની સંભાવના છે, જે રાજ્યના હવામાનમાં પરિવર્તન લાવી શકે છે.ખાસ કરીને ૨૭, ૨૮ અને ૨૯ જાન્યુઆરી દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેવાની અને કેટલાક વિસ્તારોમાં માવઠાની શક્યતા છે. ૨૪ જાન્યુઆરીથી ઠંડા પવનો ફૂંકાવાની શરૂઆત થશે, જેના કારણે ઠંડીમાં વધારો થઈ શકે છે. હાલમાં લોકોને ઠંડીમાંથી આંશિક રાહત મળી છે, પરંતુ આગામી દિવસોમાં હવામાનમાં વારંવાર પલટો આવવાની સંભાવના છે. દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં અરબી સમુદ્રની અસરને કારણે વધુ પ્રભાવ જોવા મળી શકે છે.

## ગાંધીનગરમાં બાળકોમાં હૃદયરોગનો ખતરો : શાળા આરોગ્ય તપાસમાં ૧૫૭ બાળકોમાં હૃદયની બીમારી મળી

ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી દરમિયાન ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. કોર્પોરેશન અને જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવેલી તપાસણીમાં ૧૫૭ બાળકોમાં હૃદયની બીમારી મળી આવી છે. કોર્પોરેશન વિસ્તારમાંથી ૩૪ અને ગ્રામ્ય વિસ્તારોમાંથી ૧૧૯ બાળકોમાં હૃદયની સમસ્યા જોવા મળી છે.ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા છેલ્લા નવ મહિનામાં ૯૦,૦૦૦ જેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી, જ્યારે જિલ્લા પંચાયત દ્વારા ૨૦૨૪માં પોણા બે લાખથી વધુ બાળકોની તપાસ કરવામાં આવી હતી. આ તપાસણી દરમિયાન હૃદયરોગ ઉપરાંત ૨૬ બાળકોમાં કિડનીની બીમારી અને ૧૭ બાળકોમાં કેન્સર શોધાયું છે.

વિશેષ ચિંતાનો વિષય એ છે કે, વિશ્વ આરોગ્ય સંગઠન મુજબ, વિશ્વભરમાં દર વર્ષે થતા મૃત્યુમાં ૩૨% મૃત્યુ કાર્ડિયોવેસ્ક્યુલર રોગને કારણે થાય છે. હવે માત્ર વૃદ્ધો જ નહીં, પરંતુ યુવાનો અને બાળકોમાં પણ હૃદયરોગના કેસો વધી રહ્યા છે.તંત્ર દ્વારા ગંભીર બીમારી ધરાવતા ૨૦૪ બાળકો માટે સુપર સ્પેશ્યાલિસ્ટ સારવારની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પૈકી હૃદયરોગના ૭ બાળકો, જન્મજાત ખોડખાંપણના ૬ બાળકો અને કેન્સરના ૧ બાળકની સફળ સર્જરી કરવામાં આવી છે. આ આંકડા દર્શાવે છે કે બાળકોના આરોગ્યની નિયમિત તપાસણી અને સમયસર સારવાર અત્યંત મહત્વપૂર્ણ છે.

## આતિશીએ કહ્યું- કેજરીવાલ પર હુમલો કરનારા 3 લોકો ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્માના નજીકના છે

દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ રવિવારે સવારે પ્રેસ કોન્ફરન્સ કરી અને કેજરીવાલ પર હુમલા મામલે ભાજપના કાર્યકરો પર આરોપો લગાવ્યા હતા. તેમણે કહ્યું કે કેજરીવાલ પર ભાજપના ૩ ગુંડાઓએ હુમલો કર્યો હતો. આ ત્રણેય ગુનેગારો છે જેઓ કેજરીવાલની હત્યા કરવા માંગતા હતા. ત્રણેય સામે ચોરી, લૂંટથી લઈને હત્યાના પ્રયાસ સુધીના ગુના નોંધાયેલા છે.આતિશીએ કહ્યું કે આ સામાન્ય કાર્યકરો નથી, ગુંડાઓ છે. ચૂંટણીમાં હાર જોઈને ભાજપ પરેશાન છે. તે કેજરીવાલને મારવા પર ઉતરી આવી છે. હુમલાખોરોમાં પહેલો હતો રાહુલ ઉર્ફે શેંકી, તે ભાજપનો નેતા છે. પ્રવેશ વર્માનું ખૂબ જ નજીકનો છે. આ સિવાય બીજા હુમલાખોરનું નામ રોહિત ત્યાગી છે. રોહિત પ્રવેશ વર્માનો પણ પ્રચાર કરે છે. ત્રીજો વ્યક્તિ છે સુમિત. આ અંગે ચોરી અને લૂંટનો ગુનો નોંધાયો છે.આ આરોપો અંગે બીજેપી નેતા પ્રવેશ વર્માએ કહ્યું- ૧૧ વર્ષ સુધી સીએમ રહ્યા બાદ પણ કેજરીવાલે ઘરે-ઘરે પ્રચાર કરવો પડે છે. તેમને યોગ્ય પ્રતિસાદ ન મળતાં તેમણે શનિવારે રોજગારની માંગણી કરતાં ત્રણ યુવકોને કારથી ટક્કર મારી હતી.આમ આદમી પાર્ટી એ સોશિયલ મીડિયા પ્લેટ ફોર્મ X પર



આ વીડિયો ટવીટ કર્યો હતો અને દાવો કર્યો હતો કે કેજરીવાલની કાર પર બીજેપી કાર્યકર્તાઓએ હુમલો કર્યો હતો.આમ આદમી પાર્ટી એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ વીડિયો ટવીટ કર્યો હતો

## શપથ ગ્રહણ સમારોહ પહેલા ડોનાલ્ડ ટ્રમ્પે નીતા અંબાણી અને મુકેશ અંબાણી સાથે કરી મુલાકાત

ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ અમેરિકાના રાષ્ટ્રપતિ પદના શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે વિશ્વના અનેક અગ્રણી રાજકારણીઓ અને બિઝનેસમેન વૉશિંગ્ટન પહોંચ્યા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણી પણ વૉશિંગ્ટન પહોંચી ચૂક્યા છે. ત્યારે શપથ ગ્રહણ સમારોહ પહેલા આજે (૧૯ જાન્યુઆરી, ૨૦૨૫) અમેરિકામાં ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંબાણી પરિવારે હાજરી આપી હતી. આ દરમિયાન તેમણે ટ્રમ્પ સાથે મુલાકાત કરી હતી. આ ખાસ પ્રસંગે કોર્પોરેટ જગતની વૈશ્વિક હસ્તીઓ સહિત અનેક નેતાઓ તેમજ ટ્રમ્પ કેબિનેટના નોમિનેટ સભ્યો હાજર રહ્યા હતા. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણીએ કેન્ડલ લાઈટ ડિનરમાં હાજરી આપી હતી. આ સમયે



બંને ડોનાલ્ડ ટ્રમ્પને પણ મળ્યા હતા. જેની તસવીર પણ સામે આવી છે.ટ્રમ્પના શપથ ગ્રહણ પહેલા યોજાયેલા કેન્ડલ લાઈટ ડિનરમાં નીતા અંબાણી અને મુકેશ અંબાણી ઉપસ્થિત રહ્યા, જે સમારોહમાં સૌથી ખાસ માનવામાં આવી રહ્યા છે. આ પ્રસંગે નવા ચૂંટાયેલા ઉપ પ્રમુખ જે.ડી. વેન્સ અને તેમના ભારતીય મૂળના પત્ની ઉષા વેન્સ પણ ઉપસ્થિત રહ્યા હતા.મુકેશ અંબાણીએ આ અવસરે કાળા રંગનો સૂટ પહેર્યો, જ્યારે નીતા અંબાણી સિલ્ક સાડીની સાથે લાંબા ઓવરકોટમાં નજરે આવ્યા. આ આયોજનમાં કેટલાક અન્ય મોટા ઈન્ડસ્ટ્રિયલિસ્ટ પણ સામલે થયા. આ સિવાય એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ અને મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગ પણ જોવા મળ્યા હતા.

## અમદાવાદના સારંગપુર-કાલુપુર ઓવરબ્રિજ ફોરલેન બનાવાશે, રાજ્ય સરકાર રૂ. ૨૨૦ કરોડ ફાળવશે

અમદાવાદના રેલવે સ્ટેશનના આધુનિકરણના ભાગરુપે સારંગપુર અને કાલુપુર ઓવરબ્રિજને પહોળો કરવામાં આવશે. આ બંને ઓવરબ્રિજને પહોળો કરવા માટે ખર્ચ થનાર રકમમાં ૫૦ ટકા રકમ રાજ્ય સરકાર આપશે. આ માટે રાજ્ય સરકાર ૨૨૦ કરોડ રૂપિયા રેલવેને ફાળવવાની મંજૂરી આપી છે.



ગુજરાત સરકારે કાલુપુર રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટ અંતર્ગત કાલુપુર અને સારંગપુર રેલવે ઓવરબ્રિજને ફોર-લેન સહિતના કામો માટે ૨૨૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે, જેમાં રાધનપુર-ભીલોટ માર્ગમાં ક્રોસિંગ પર બ્રિજ બનાવવા ૫૩ કરોડ ફાળવ્યા તેમજ રેલવે લેન્ડ ડેવલોપમેન્ટ ઓથોરિટી દ્વારા કુલ ૪૪૦ કરોડ રૂપિયાના ખર્ચે કાલુપુર અને સારંગપુર ઓવરબ્રિજ કન્સ્ટ્રક્શન કામગીરી હાથ ધરાશે. આના માટે રાજ્ય સરકારના ૫૦ ટકા ફાળા તરીકે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી આ ૨૨૦ કરોડ રૂપિયા ફાળવાશે.

## તંત્રી લેખ...

# ભારતના આર્થિક વિકાસ દરમાં ફરી વધારો જોવાશે

માગમાં મજબૂતાઈ આવતા ભારતના આર્થિક વિકાસ દરમાં ફરી વધારો જોવા મળવાની રિઝર્વ બેન્કના બુલેટિનમાં અપેક્ષા વ્યકત કરવામાં આવી છે. ડિસેમ્બરમાં સતત બીજા મહિને રિટેલ ફુગાવો ઘટયો છે. જો કે ખાર્ધ પદાર્થોના ઊંચા ભાવ પર નજર નાખવાની રહેશે એમ બુલેટિનમાં નોંધવામાં આવ્યું છે.ઘરેલુ માગમાં મજબૂતાઈ પકડાઈ રહી છે તેને જોતા આર્થિક વિકાસ દર ઊંચે જવાની શકયતા વધી ગઈ છે. ગ્રામ્ય માગમાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે, જે ઉપભોગમાં સ્થિતિ સ્થાપકતાના સંકેત આપે છે. કૃષિ ક્ષેત્રની સારી સ્થિતિ ગ્રામ્ય માગને ટેકો આપી રહી છે. માળખાકીય બાંધકામ પાછળ સરકારી મૂડીખર્ચમાં વધારો મુખ્ય ક્ષેત્રમાં વિકાસને ગતિ આપશે. કાચા માલના વધી રહેલા ખર્ચ ઉત્પાદન ક્ષેત્રમાં દબાણ લાવી રહ્યા છે અને હવામાનને લગતી પ્રતિકૂળતાઓ અને વૈશ્વિક ઘટનાક્રમો આર્થિક વિકાસ દરના આઉટલુક સામે જોખમો ધરાવી રહ્યા હોવાનું બુલેટિનમાં વધુમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનિય છે કે વર્લ્ડ બેન્ક તથા ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડે ભારતના આર્થિક વિકાસ દરના અંદાજને જાળવી રાખ્યા છે. નાણાં વર્ષ ૨૦૨૬માં ભારતના આર્થિક વિકાસ દરના ૬.૭૦ ટકાના ટાર્ગેટને વર્લ્ડ બેન્કે જાળવી રાખ્યો છે અને આગામી બે વર્ષમાં ભારત સૌથી ઝડપથી વિકસતુ અર્થતંત્ર બની રહેવાના અંદાજને પણ જાળવી રખાયો છે.આજ રીતે ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડે પણ વર્તમાન નાણાં વર્ષ માટે દેશના આર્થિક વિકાસ દરના સાત ટકાના પોતાના અંદાજને ઘટાડી ૬.૫૦ ટકા કર્યો છે પરંતુ નાણાં વર્ષ ૨૦૨૬ તથા ૨૦૨૭ માટેના ૬.૫૦ ટકાના અંદાજને જાળવી રાખ્યા છે.

# યે બંબઈ મેરી જાન



'દાદીમા, હું મુંબઈ મારા નાના અને નાનીને મળીને આવી ગયો. '

જેવો મારા વહાલા સહુથી મોટા પૌત્રનો ફોન આવે એટલે તરત હાથમાંના બધા કામ પડતાં મૂકી , ટુવાલથી હાથ લુછતી સોફા પર આવીને બેસી ગઈ.

'હા, બોલ ક્યારે આવ્યો દીકરા'.

'દાદી આવ્યાને ચાર દિવસ થયા, પણ તરત નોકરી ચાલુ કરી અને તને ખબર છે 'જેટ લેગ'' . કહીને હસવા લાગ્યો.

'હા, તારી દાદી જાણે છે. કાલે શનીવાર છે, નિરાંત ઉંઘ પૂરી કરજે પણ અત્યારે દાદીને બધી વાત નિરાંતે કર. '

'દાદી એટલે તો તને ફોન કર્યો. તારું મુંબઈ મજામાં છે. મારા નાના અને નાનીએ 'જય શ્રી કૃષ્ણ' કહ્યા છે. દાદી આ વખતની મુંબઈની મુસાફરી ખૂબ સરસ ગઈ. દાદી, સવારે સાત વાગે મુંબઈ એરપોર્ટ પર ઉતર્યો એટલે ત્યાંથી ટેક્સી કરીને નાનીને ત્યાં પહોંચી ગયો. '

'એકલો ? '

'દાદી હું કંઈ નાનો નથી ! ૨૫ વર્ષનો થયો આખી દુનિયા ફરું છું. ડર શામાટે લાગે. ગુગલ મેપ હોય ને!'

'ટેક્સીવાલાને ભાડા ઉપર ૫૦૦ રુપિયા આપ્યા. દાદી આપણાતો ૧૦ ડોલર પણ ન થયા. તારાને દાદાના આશિર્વાદથી અમેરિકામાં સરખા પૈસા બનાવું છું. મારે ક્યાં અંહી રોજ આવવું છે. દાદી ટેક્સી ડ્રાઈવરના મુખ પરનું હાસ્ય જોઈ મારો વિમાનનો બધો થાક ઉતરી ગયો. '

દાદી આતો શરુઆત છે. એક અઠવાડિયામાં પાંચ મસ્ત રેસ્ટોરંટમાં કુટુંબીજનો અને મિત્રોને રાતે જમવા લઈ જતો. દાદી તું નહી માને, મને થતું અમેરિકામાં ૨૦ ટકા ટીપ આપીએ તો કેટલા રુપિયા થાય અંહી ઓછામાં ઓછી ૧૫૦૦ રુપિયા ટીપ આપતો. વેઈટર મારી સામે તાકી રહેતા. પછી મુખ પર મંદ સ્મિત રેલાવતા. '

દાદી, તું નહી માને આ વખતની ટ્રીપ ખૂબ મસ્ત રહી. લોકોને આપીને જે આનમ્દ મળે છે તેનો અનુભવ કર્યો. દાદી. નાનાના ઘરની સામે એક મંદીર દરરોજ સવારે ઓછામાં ઓછા બસો માણસને ભોજન મફત આપે છે. બાલ્કનીમાંથી મોટી લાઈન જોઈ મેં નાની પાસેથી જાણ્યું. '

'નાની ચાલને આપણે પણ કાલે તેમને ભોજન આપીએ. નાની મને મંદીરમાં લઈ ગઈ. મારાથી કહ્યા વગર ન રહેવાયું, ફરસાણ અને મિઠાઈ પણ આપજો. દાદી, મંદીરના પૂજારી કહે ૧૦,૦૦૦ રૂપિયા થશે . દાદી આપણા ૧૫૦ ડોલર પણ ન થાય. ' દાદી એમાં ૨૦૦ જણાના પેટ ભરાશે !'

દાદી, જો હું વધુ કહીશ તો તું મને પાગલ કહીશ. મહાબળેશ્વર બે દિવસ ગયો ત્યાં બોટ વાળો મારા પર ખુશ થઈ ગયો. દાદી, જયાંગયો ત્યાં સામાન્ય માણસના મુખ પરનું પ્રેમાળ સ્મિત મારું દિલ ખુશ કરતું.

મને સમજાયું, સામાન્ય માનવી નાની નાની વસ્તુઓથી ખુશ થાય છે. દાદી આખી ટ્રીપ દરમિયાન માત્ર ૧૦૦૦ ડોલર આપ્રમાણે વાપર્યા હશે. અરે દાદી, સાંભળ. 'હું બિઝનેસ ક્લાસમાં ભારત જાંઉ છું કેટલા પૈસા બગાડું છું ?

'દાદી આ વખતે તારું 'મુંબઈ' મને પણ ખૂ પ્યારું લાગ્યું. તારો દિકરો છું, તને શું ગમે એ મને ખબર છે. દાદી તારા ગુણ મારામાં પણ આવે તો ખરા ને ' ?

'દાદી હવે અધુરી વાત બીજી વાર , મને ઉંઘ આવે છે'.

' હા, બેટા સૂઈ જા આજે રાતના . મને પણ મુંબઈના સ્વપના આવશે'.

પ્રવિણા,કડકીયા,અમેરીકા

# આકાશની વીજળીનો રસ્તો લૈંઝરથી બદલીને રાજુ રદી કોના પર છોડવા માંગે છે???

'' ગિરધરભાઈ. આપણે સ્વિત્ઝરલેન્ડ જવાનું છે'' રાજુ રદી સ્વિત્ઝરલેન્ડ જવું એ અમદાવાદ કે વડોદરા જવા જેટલું ઈઝી ગોઈંગ હોય તેમ સ્વિત્ઝરલેન્ડ જવાનું આહ્વાન કર્યું.

'' રાજુ તમારી નાતવાળા સ્વિત્ઝકલેન્ડમા પણ રહે છે?છોકરી જોવા માટે તો તારા ઘરના લોકોએ જવાનું હોય. બેગાને કી શાદીમેં અબ્દુલા દિવાના જેમ આપણે આપણે કયાં કરે છે??'' મેં રાજુને ચૂંટીયો ખણ્યો.

'' ગિરધરભાઈ તમે પેલો દુહો સાંભળ્યો હશે.'' વા ફરે, વાદળ ફરે, ફરે નદીના નીર, શૂરા બોલ્યા ના ફરે ભલે પશ્ચિમ ઉગે સૂર. સૂરજ તેની દિશા બદલતો નથી તેમ એકટંકી બોલ બદલવાની નૌટંકી કરતા નથી!!'' રાજુએ મને વૈશ્વિક સત્ય દર્શન કરાવ્યુ.

'' રાજુ. ચોમાસા અગર ચોમાસા સિવાય આકાશમાં કેટલી વીજળી થાય છે. વીજળી કોઇ રોકટોક વિના તેનો કાળો ખૌફ દેખાડે છે. દટન સો પટન અને માયા સે મિટ્ટીની જેમ પલક ઝપકતાં જ રાખ કે કોલસામાં ફેરવી દે છે!!'' મેં કહ્યું

'' ગિરધરભાઇ આપણે ત્યાં ગંગાસતી પાનબાઇ નામના મહિલા ભજનિક થઇ ગયેલા. તેનું એક પ્રખ્યાત ભજન છે. '' વીજળીના ઝબકારે મોતીડા પરોવો રે પાનબાઇ અચાનક અંધારા થાય'' તેનો બહુ જ આધ્યાત્મિક મર્મ છે. કાસમ તારી વીજળી વેરણ થઇ એ પણ કરૂણતમ ગાન છે. સાઉથના હીરો રજનીકાંત વિશે અતિશયોકિતપૂર્ણ વિધાન કરવામાં આવે છે. રજનીસરને ઘરે લાઇટ ન હતી તો આકાશી વીજળીના પ્રકાશે વાંચતા હતા!!'' રાજુએ વીજળી વિશે યુનિક વાત કરી.

'' રાજુ . હકીકતમાં આકાશમાં ઉડતા ઓપોઝીટ એનર્જીના વાદળો વિપરીત દિશામાં જતા એકબીજા સાથે અથડાય છે અને તેમના ઘર્ષણના કારણે પેદા થતી વીજળી ધરતી પર પડે છે. આકાશમાં કોઇ પણ પ્રકારનું કંડક્ટર ન હોવાથી વીજળી પૃથ્વી પર કંડક્ટરની શોધમાં પહોંચે છે. જેના કારણે જે-તે વિસ્તારમાં નુકશાન થાય છે. ચોમાસા દરમિયાન આકાશમાં કાળા ડિબાંગ વાદળો વચ્ચે જોવા મળતી વીજળી સેકન્ડોમાં આપણી આંખ સામે ફ્લેશની જેમ ચમકીને ગાયબ થઇ જાય છે. આ દરમિયાન ઘણી જગ્યાઓ પર વીજળી પડવાની ઘટનાઓ પણ સામે આવે છે. ત્યારે આપણામાંથી મોટા ભાગના લોકોમાં આ સવાલ થતો હશે કે આકાશમાં ચમકારા કરતી વીજળી આખરે ઉત્પન્ન કઇ રીતે થાય છે. જોકે આ વિશે ઘણી વાર્તાઓ પણ પ્રસિદ્ધ છે. બેન ફ્રેકલિન વિશે સાંભળ્યું હશે. શું તમે જાણો છો તેણે વાવાઝોડા દરમિયાન પતંગ ઉડાવી હતી. તે સાબિત કરવા માંગતા હતા કે વીજળી ઈલેક્ટ્રિસીટીનું જ એક રૂપ છે. આપણે જાણીએ છીએ કે વાવાઝોડામાં પતંગ ઉડાવવી સુરક્ષિત નથી. પરંતુ બેનની વાત પણ સાચી હતી. વીજળી ઈલેક્ટ્રિસીટીનું એક રૂપ છે.'' મેં વીજળી વિશેના વૈજ્ઞાનિક તથ્યો રજૂ કર્યી.

'' ગિરધરભાઇ . તમારા મારા મનમાં એક જ સવાલ ઉભો થાય છે કે વીજળી કેવી રીતે ઉત્પન્ન થાય છે. આકાશમાં રહેલા વાદળો એ જમીનમાં રહેલા પાણીના બાષ્પિભવનની પ્રક્રિયાથી બનતા હોય છે અને તે બાષ્પ આકાશમાં બરફમાં ફેરવાઇ જાય છે. આ બરફના વાદળોના બે પ્રકારો હોય છે. જેમાં (+) અને (+) હોય છે. જ્યારે આ બંને વાદળો એકબીજાના સંપર્કમાં આવે છે, તો વાદળો વચ્ચે ભીષણ ધ્વનિ પેદા થાય છે, જેને આપણે ગર્જના કહીએ છીએ. જ્યારે આ વાદળો એકબીજાના સંપર્કમાં આવે છે ત્યારે એક ખૂબ તેજ પ્રકાશ ઉત્પન્ન થાય છે, જેનો અવાજ હોતો નથી. ટૂંકમાં સમજીએ તો વાદળાઓમાં સર્જાતા ઋણ વિદ્યુતભાર(-) અને ધન વિદ્યુતભાર(+)ના કારણે વીજળી પેદા થાય છે. આકાશમાં થતી વીજળી ધરતી પર શા માટે પડે છે? હકીકતમાં આકાશમાં ઘુમડતા ઓપોઝીટ એનર્જીના વાદળો વિપરીત દિશામાં જતા એકબીજા સાથે અથડાય છે અને તેમના ઘર્ષણના કારણે પેદા થતી વીજળી ધરતી પર પડે છે. આકાશમાં કોઇ પણ પ્રકારનું કંડક્ટર ન હોવાથી વીજળી પૃથ્વી પર કંડક્ટરની શોધમાં પહોંચે છે. જેના કારણે જે-તે વિસ્તારમાં નુકશાન થાય છે. ધરતી પર પહોંચ્યા પછી વીજળીને કંડક્ટરની જરૂર પડે છે. આકાશીય વીજળી જ્યારે લોખંડના થાંભલાની આરપારથી પસાર થાય છે તો તે કંડક્ટરનું કામ કરે છે અને વીજળી જમીનમાં સમાઇ જાય છે. આ સમયે જો કોઈ માણસ તેના સંપર્કમાં આવે તો તેનું મોત પણ થઇ શકે છે અથવા ઈજાગ્રસ્ત પણ થઇ શકે છે.'' વીજળીની રમ્ય ગાથા કહી!!

''રાજુ બધી વીજળી ધરતી પર પડતી નથી. આકાશમાં બે પ્રકારની વીજળી પેદા થાય છે. જેમાંથી એક એવી હોય છે જે ફક્ત વાદળોમાં જ રહે છે અને તેનો અવાજ પણ આવતો નથી, માત્ર ચમકારા થાય છે. જ્યારે બીજા પ્રકારની વીજળી સીધી જમીન પર આવે છે અને તેનો જોરદાર અવાજ પણ સંભળાય છે. તેને જમીન પર આવતા માત્ર ૦.૦૫ સેકન્ડનો સમય લાગે છે અને તે સમયમાં તે જમીન પર પડે છે. આ વીજળી જ્યારે જમીન પર આવે છે ત્યારે આસપાસના વિસ્તારમાં વાતાવરણ ખૂબ ગરમ થઇ જાય છે, જેના કારણે તેમાં જોરદાર અવાજ આવે છે.'' વીજળીની યાત્રાની રોચકતા કહી.

'' ગિરધરભાઇ.આપણે વીજળી એટલે વીજળી એમ માનીએ છીએ. પરંતુ , ડાયરેકટ સ્ટ્રાઈક, ગ્રાઉન્ડ કરન્ટ,સાઈડ ફ્લેશ, કન્ડકશન,વગેરે પ્રકાર છે. એપ્રિલ ૨૦૧૮ દરમિયાન આંધ્ર પ્રદેશમાં ૧૩ કલાકમાં ૩૬,૭૪૯ વખત વીજળી પડી હતી. આ આંકડો સામાન્ય કરતાં અનેકગણો વધારે હતો. વિશ્વમાં સૌથી વધુ વીજળી દક્ષિણ અમેરિકા ખંડના દેશ વેનેઝુએલાના માર્સિબો તળાવમાં ખાબકે છે. નાસાએ ૧૬ વર્ષ સુધીનો ડેટા એનાલિસિસ કર્યા પછી જાહેર કર્યું કે તળાવના આકાશમાં વર્ષે દર ચોરસ કિલોમીટરે ૨૩૩ વખત વીજળી ત્રાટકે છે. ૩૧મી ઓક્ટોબરે બ્રાઝિલના આકાશમાં જોવા મળેલી વીજળી અત્યાર સુધીની સૌથી લાંબી હતી. એ વીજળીના ચમકારાની લંબાઈ ૭૧૦ કિલોમીટર નોંધાઈ હતી. અત્યાર સુધીમાં નોંધાયેલો સૌથી લાંબો સમય દેખાયેલો ચમકારો ૧૬.૭૩ સેકન્ડનો હતો. માર્ચ ૪, ૨૦૧૯ના દિવસે એ ચમકારો આર્જેન્ટિનાના ગગનમાં જોવા મળ્યો હતો. એટલી વારમાં બહુ બહુ તો એકાદ મોતીડું પરોવી શકાય. ''રાજુએ વીજળીના ચમકારા જેવી વાત કરી!

'' ગિરધરભાઇ કાળા માથાનો( સૂચના:-અહીં હેરડાઇ કરીને ધોળી વાળ છુપાવનારાનીન વાત કરી નથી! સૂચના સમાપ્ત!!)શું ન કરી શકે? સાગરને નાથી શકે, (ઘરવાળીને નાથવાની વાત ભૂલેચૂકે વિચારવી નહીં!!) પર્વતનો ભૂકકો કરી શકે. સ્વિત્ઝરલેન્ડના વૈજ્ઞાનિકોએ વીજળીને વાળવાની સિધ્ધિ મેળવી છે!! સ્વિત્ઝર્લેન્ડના વિજ્ઞાનીઓને મોટી સફળતા મળી છે. તેઓ લેઝરની મદદથી અવકાશમાંથી પડતી વીજળીનો રસ્તો બદલવામાં સફળ રહ્યા છે. આ ટેક્નિક વીજળી પડવાથી ઈમારતોને થતાં નુકસાનને અટકાવવામાં કારગર સાબિત થશે. વિજ્ઞાનીઓએ જણાવ્યું કે ઉત્તર-પૂર્વ સ્વિત્ઝર્લેન્ડમાં માઉન્ટ સેન્ટિસના પહાડો પરથી આકાશ તરફ લેઝર મારફતે વીજળીનો રસ્તો બદલ્યો છે. આ પ્રયોગ માઉન્ટ સેન્ટિસ પર એક ટેલિકોમ ટાવર પર કરાયો હતો, જેને યુરોપમાં વીજળી પડવાથી સૌથી વધુ નુકસાન પહોંચે છે. ૨૦૨૧માં બે મહિના ચાલેલા આ પ્રયોગ દરમિયાન ખૂબ જ તીક્ષ્ણ લેઝર કિરણોને ૧,૦૦૦ વાર પ્રતિ સેકન્ડના દરથી આકાશ તરફ ફેંકવામાં આવ્યા હતા. આ લેઝરનો ટાર્ગેટ વીજળી હતી. જ્યારે સિસ્ટમ સક્રિય હતી ત્યારે ચાર વાર વીજળી પડી હતી અને તેના પર સચોટ નિશાન સાધવામાં આવ્યું હતું. પહેલી વાર તો સંશોધકોએ બે ઝડપી કેમેરાની મદદથી વીજળીના રસ્તાને બદલવાની પ્રક્રિયાને રેકોર્ડ કરી હતી. કુદરતી વીજળીનો રસ્તો બદલવામાં લેઝરનો ઉપયોગ

રિસર્ચથી જોડાયેલા ભૌતિકવિજ્ઞાની ઓરેલિંએ ઉઆરે જણાવ્યું કે પહેલી વાર કુદરતી વીજળીનો રસ્તો બદલવા માટે લેઝરનો પ્રયોગ કર્યો છે. આ ટેક્નિકમાં વધુ સંશોધન બાદ તેને મહત્ત્વપૂર્ણ ઈમારતોની સુરક્ષા માટે તહેનાત કરી શકાય છે અને વીજળી પડવાથી સ્ટેશનો, એરપોર્ટ, વિન્ડ ફાર્મા અને એવી અન્ય જરૂરી ઈમારતોને નુકસાનથી

આભાર - નિહારીકા રવિયા બચાવી શકાય છે. તેનો ફાયદો ઈમારતો ઉપરાંત કોમ્યુનિકેશનનાં ઉપકરણો તેમજ વીજળીની લાઇનો જેવી મહત્ત્વપૂર્ણ સુવિધાઓની સુરક્ષાની સાથે સાથે દર વર્ષે હજારો લોકોનો જીવ પણ બચાવી શકાશે.'' રાજુએ અવનવા પ્રયોગની કથા કહી!'

'' રાજુ . તું સ્વિત્ઝરલેન્ડ કેમ જવા માંગે છે તેનું કાંઇ કહ્યું નહીં?'' મેં રાજુના મૂળ મુદા પર સવાલ કર્યો.'' તમે તો જાણો છે કે બખડજંતર ચેનલમાં આપણે ગધેડા કે ખચ્ચરની જેમ રાતદિવસ તનતોડ મહેનત કરીએ છીંએ. આપણને પગારવધારો કે બોનસ ફોનસ મળતું નથી, અધૂરામા પૂરું બાબુલાલ બબુચક આપણને પાણીથી પાતળા કરૂં નાંખ છે. આપણું અપમાન કરવાની તક છોડતા નથી. હવે તો મરવા કે મારવા સિવાય કોઈ વિકલ્પ નથી રહ્યો. બાબુલાલને આપણે મારી નાંખીએ અને કોઈ પુરાવો રહી જાય તો જેલમાં ચક્કી પીસવી પડે. અટલે પેલા વૈજ્ઞાનિકોને મોં માંગ્યા પૈસા સળગાવીને વીજળીનો રસ્તો બેમાથાવાળા બોસ બાબુલાલની ઝૂલણ ખુરશી પર શિફટ કરવો છે'' રાજુએ દાંત ભીસીને કહ્યું . મારા પર સાચુકલી વીજળી પડી હોય તેમ હું સજજડબમ થઇ ગયો!! ભરત વૈષ્ણવ

# સાસણ ખાતે સિંહ સંરક્ષણ જાગૃતિ સેમિનાર યોજાયો

ભાવનગર

વાઈલ્ડ લાઈફ ડિવિઝન સાસણના ઉપક્રમે આજે સિંહ સદન સાસણગીરના ઓડિટોરિયમમાં સિંહ સંરક્ષણ જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ઉદઘાટન વન્ય પ્રાણી વિભાગ સાસણના નાયબ વનસંરક્ષક શ્રી ડો. મોહન રામે કર્યું હતું. તેઓએ જણાવ્યું કે આજનો આ માર્ગદર્શન કાર્યક્રમ આવતા દિવસોમાં સિંહ સરક્ષણ અને સિંહ જાગૃતિ માટે મહત્વનો સાબિત થશે. હું આપ સૌની સાથે ભલે પ્રત્યક્ષ રીતે ન મળતા હો પરંતુ પરોક્ષ રીતે હંમેશા જોડાયેલો છો. સને ૨૦૨૫ માં યોજાનાર સિંહ ગણતરીનો આગામી કાર્યક્રમ યોજાશે તેમાં કેવી રીતે કામ કરવું તે આજે વિગતો અપાશે.



આ કાર્યક્રમમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રી રાઠોડ,શ્રી ઉમરાણિયા તથા સિંહ દિવસના મહત્વનું સંકલન કરતા શ્રી કરસનભાઈ વાળા તથા પર્યાવરણ અને પ્રાણી તજજ્ઞ શ્રી રોહિત વ્યાસ અને ભાવનગર જિલ્લાના સિંહ દિવસના સંયોજક શ્રી તખુભાઈ સાંડસુર વગેરે જોડાયાં હતા. ભાવનગર જિલ્લાના સિંહ દિવસ સાથે જોડાયેલાં કાર્યકર્તાઓ, બીઆરસી શ્રીઓ, સીઆરસી શ્રીઓ તથા તાલુકા કોર્ડીનેટર શ્રી ઓ વગેરેની પણ વિશેષ હાજરી રહી હતી.

## શપથ ગ્રહણ બાદ ભારત આવશે ટ્રમ્પ !

# અમેરિકાના નવા પ્રમુખે સલાહકારો સાથે કરી વાત

અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે મજબૂત મિત્રતા છે, તેથી જ તેઓ શપથ ગ્રહણ બાદ ભારતની યાત્રા કરવાની યોજના બનાવી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય મીડિયાના અહેવાલો મુજબ ટ્રમ્પે ભારતની સંભવિત યાત્રા કરવા માટે સલાહકારો સાથે ચર્ચા કરી છે. ટ્રમ્પ નવી દિલ્હીની યાત્રા કરીને બંને દેશોના મજબૂત સંબંધોનો વિશ્વભરને સંદેશો આપવા માંગે છે. અમેરિકાના નવા પ્રમુખ માત્ર ભારતની જ નહીં, ચીનની યાત્રા કરવાની પણ યોજના બનાવી રહ્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે. તેઓ ચીન સાથે અમેરિકાના બગડેલા સંબંધોને સુધારવા ઈચ્છે છે. તેમણે સંબંધો સુધારવા માટે ચીનનો પ્રવાસ કરવાનો પણ વિચાર કરી રહ્યા છે.અમેરિકાના નવા પ્રમુખપદનો પદભાર સંભાળ્યા બાદ ટ્રમ્પ ભારત અને ચીનની યાત્રા કરવાની યોજના બનાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે ચૂંટણી પ્રચાર કરતી વખતે વધારાનો ટેક્સ લાદવાની ચેતવણી આપી હતી. 'ધ વૉલ સ્ટ્રીટ જર્નલ'ના રિપોર્ટ મુજબ 'ટ્રમ્પે સલાહકારોને કહ્યું છે કે, તેઓ શી જિનપિંગ સાથેના સંબંધો સુધારવા માટે પદભાર સંભાળ્યા બાદ ચીનની મુલાકાત લેવા ઈચ્છે છે.' ટ્રમ્પે ચૂંટણી પ્રચાર દરમિયાન વધારાનો ટેક્સ લાદવાની ચીનને ચેતવણી આપી હતી.

તેના રિપોર્ટ મુજબ 'સૂત્રોના જણાવ્યા મુજબ તેમણે સલાહકારો સાથે ભારતની સંભવિત યાત્રા અંગે પણ ચર્ચા કરી છે.

# રાજ્ય મહાસચિવ ડો. અર્ચના ગુપ્તાએ બૂથ ૧૫૬ પર "મન કી બાત" સાંભળી

ભારતીય જનતા પાર્ટી હરિયાણાના રાજ્ય મહાસચિવ ડૉ. અર્ચના ગુપ્તાએ કાર્યકર્તાઓ સાથે પાણીપત અર્બનના દક્ષિણ વિભાગના બૂથ નંબર ૧૫૬ ખાતે બૂથ પ્રમુખ સુનીતા ગોયલના ઘરે રેડિયો પર પ્રસારિત થયેલો કાર્યક્રમ 'મન કી બાત' સાંભળ્યો એસેમ્બલી.

પ્રદેશ મહામંત્રી ડો.અર્ચના ગુપ્તાએ મન કી બાતને દરેક ભારતીય માટે પ્રેરણા સ્ત્રોત ગણાવતા જણાવ્યું હતું કે દરેકે લોક કલ્યાણના કાર્યોમાં સક્રિય ભૂમિકા ભજવવી જોઈએ. મન કી બાતના ૧૧૮મા એપિસોડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, ''આ ગણતંત્ર દિવસ ખૂબ જ ખાસ છે. ભારતીય પ્રજાસત્તાકની આ ૭૫મી વર્ષગાંઠ છે. આ વર્ષે ભારતના બંધારણના અમલના ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. હું બંધારણ સભાના તે તમામ મહાન લોકોને વંદન કરું છું જેમણે આપણને આપણું પવિત્ર બંધારણ આપ્યું છે.''



નવા વર્ષના પહેલા મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વના સૌથી મોટા ધાર્મિક અને આધ્યાત્મિક મેળાવડા મહાકુંભનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે અહીં ભારે ભીડ છે. દેશના ચારેય ખૂણેથી લોકો અહીં પહોંચી રહ્યા છે. અહીં આવવાથી અમીર અને ગરીબ વચ્ચેનો ભેદ દૂર થઈ જાય છે. જણાવ્યું હતું કે મહાકુંભ શરૂ થયો છે. એક યાદગાર ભીડ, અકલ્પનીય દૃશ્યો અને સમાનતા અને સંવાદિતાનો અસાધારણ સંગમ દેખાય છે. આ વખતે કુંભમાં અનેક દિવ્ય યોગો બની રહ્યા છે.

આ પ્રસંગે વિભાગીય પ્રભારી સુનિલ કંસલ, વિભાગીય પ્રમુખ ચેતન તનેજા, વિભાગીય મહાસચિવ કમલ ગોસ્વામી, બૂથ પ્રમુખ સુનીતા ગોયલ, બૂથ કીપર આનંદ ચુગ, મ્ન્છ ૨ મહેન્દ્ર કાત્યાલ, બીસી ચીફ રામાનંદ સૈની, મહિલા પ્રમુખ મમતા સેઠી, મન કી બાત વિશે વક્તવ્ય આપ્યું હતું. ચીફ વાન્યા સચદેવા, વોટ્સએપ ચીફ અરુણ પસરીચા, મીડિયા ચીફ ગજેન્દ્ર સિંહ દહિયા, બૂથ મેમ્બર નરેન્દ્ર કટિયાર, ક્રિષ્ના હુરિયા. ,કવિતા ગલ્હોત્રા કૃષ્ણ પુરા મંડળના પ્રમુખ સચિન સિંગલા, આઉટગોઈંગ મંડળના પ્રમુખ રાજેશ ભારદ્વાજ અને અન્ય કાર્યકરો હાજર રહ્યા હતા,

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO: 188**
વિષય : ' સુખનું સરનામું '
શીર્ષક : " સુખનું સરનામું "
પ્રકાર : પદ્ય - શબ્દો :૬૫

શોધી રહ્યો માણસ, સુખનું સરનામું;
હાથે લઈને ફાનસ, સુખનું સરનામું;

કમાવવા પૈસા, મૂકે જે આંધળી દોટ,
એમના માટે લાલચ, સુખનું સરનામું;

ભૌતિક સર સામાનને જ સમજે સુખ,
ઘસતો રહે લૈ કાનસ, સુખનું સરનામું;

કહેવાય કે, પહેલું સુખ તે જાતે નર્યા,
પરંતુ કરે છે આળસ, સુખનું સરનામું;

પાશ્ચાત્ય સંસ્કૃતિ પાછળ અંજાઈને,
સંસ્કૃતિ છોડે, વારસ સુખનું સરનામું;

"વ્યોમ" તંદુરસ્ત તન, પ્રફુલ્લિત મન,
ને સ્વભાવ સાલસ, સુખનું સરનામું;

?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 179**
વિષય : સુખનું સરનામું
શીર્ષક : આગળ વધો
પ્રકાર : પદ્ય - શબ્દો : ૭૧ શબ્દો

જે હતું જીવનમાં એ ભૂલી આગળ વધો.
મનમાં બાંધેલી ગાંઠો છોડી આગળ વધો.

યાદ રાખજે સુખ-દુઃખ તો કર્મોનું ભાથું છે,
સારો સમય ને ક્ષણોને વાગોળી આગળ વધો.

સપનાઓ જોવા એ કોઈ ખોટી વાત નથી,
પૂરા થશે કે કેમ ક્ષમતાને જાણી આગળ વધો.

તું નમીશ તો લોકો પણ નમે એ જરૂરી નથી,
મનનાં આ પૂર્વગ્રહોને તરછોડી આગળ વધો.

જન્મ મળ્યો માનવતણો માટીમાં તો મળશે,
લોક હૃદયમાં સારી છાપ બનાવી આગળ વધો.

- તુષાર પંડયા 'રૂદ્ર' (ભાવનગર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:–335**
વિષય:– સુખનું સાચું સરનામું
પ્રકાર:– ગદ્ય
શીર્ષક:– ' સુખનું સરનામું' શબ્દો:–૨૪૪

સુખનું સાચું સરનામું છે આપણું પોતાનું જ મન. જો આપણું મન સુખી હશે તો દુનિયાની કોઈ એવી તાકાત નથી કે તમને દુઃખી, વ્યથિત કે અજંપિત કરી શકે. મનમાં આવતાં અનેક પ્રકારનાં વિચારો જ આપણને સુખી અને દુઃખી કરતાં હોય છે. શારીરિક પીડાઓ કરતાં પણ માનસિક પીડાઓ આપણને વધુ દુઃખ આપતી હોય છે મનનાં વિચારોને હંમેશા પોઝિટિવ રાખવા જોઈએ, નકારાત્મક વિચારો વ્યક્તિને દુઃખનાં ડુંગરો ચડવામાં મદદ કરતાં હોય છે. વિચારો સકારાત્મક તમને ક્યારે આવે ? " જ્યારે જ્ઞાન કેરો દીપક તમારી ભીતર પ્રજવલિત થઈને મનનાં મસ્તિષ્કને પ્રકાશિત કરે છે ત્યારે..."મનનાં સુખને કોઈ જ્ઞાની મહાપુરુષ જ માણી શકે છે. સુખનાં અનેક પ્રકારો જેવાં કે, શારીરિક, માનસિક, આર્થિક, કૌટુંબિક અને સામાજિક પરંતુ દરેક પરિસ્થિતિમાં જો તમારું મન પ્રફુલ્લિત હશે તો દુનિયાની કોઈ તાકાત નથી કે તમને દુઃખી કરી શકે. જ્ઞાન વડે પ્રજ્વલિત થયેલો દીપ મનને પ્રકાશિત કરે છે. મનનાં વિચારોને શાંત કરે છે. મનમાં અનેક પ્રકારનાં આવતાં વિચારો જ આપણાં સુખને ભોગવવામાં બાધારૂપ બનતાં હોય છે. એક પ્રચલિત કહેવત છે કે, "મન દુઃખી તો તન દુઃખી." આ સાચી વાત છે જયારે આપણું મન દુઃખી થાય છે ત્યારે ઘણા સુખ ચેન છીનવાઈ જતાં હોય છે. સૌ પ્રથમ તો ભૂખ અને ઊંઘ. આ બંનેનું પ્રમાણ જ્યારે શરીરમાં અસ્તવ્યસ્ત થવા લાગે ત્યારે શારીરિક તકલીફો ઊભી થાય છે. ઘરનાં કામકાજમાં અને નોકરી ધંધામાં પણ અસર જોવા મળે છે. ત્યાર બાદ વ્યવહારિક કામમાં પણ રુકાવટ ઊભી થતી હોય છે.

આમ સુખને શોધતાં – શોધતાં અંતમાં હું પોતે જ્યારે મારા મન સુધી પહોંચી ત્યારે ખબર પડી કે સાચું સુખ તો માનવીનાં મનમાં રહેલું હોય છે.

??? બીના આહીર 'ધરતી ' ભાવનગર રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 193**
વિષય - સુખનું સાચુ સરનામુ..
શીર્ષક - મારા સુખનું સરનામું
પ્રકાર - પદ્ય, શબ્દો - ૯૬

બાળપણથી ઘડપણની સફર..
રોજ નવા અનુભવની ડગર..
જીવવાનું મળે જ્યાં બહાનું..
મારા સુખનું ત્યાં સરનામું..

પ્યાર દિવાનીની બનું રાની..
દિલની વાતોની કરું મનમાની..
હૂંફ નું મળે જ્યાં બહાનું
મારા સુખનું ત્યાં સરનામું..

વડિલોની સંગતને માણું..
મનગમતી એમની વાતો જાણું..
ખુશી આપવાનું મળે જ્યાં બહાનું..
મારા સુખનું ત્યાં સરનામું..

નાનાં ભૂલકાંઓ ની રમતમાં..
જીદ સાથે રહે શરતમાં..
નાદાની નું મળે જ્યાં બહાનું..
મારા સુખનું ત્યાં સરનામું..

જરૂરિયાત ને સહાયતા આપું..
જીવતાં જીવતાં ઉદારતા બનું..
પરોપકાર નું મળે જ્યાં બહાનું..
મારા સુખનું ત્યાં સરનામું..

પ્રભુ મિલનની પૂજારી..
પ્રાર્થના માં જઈ ઉતારી,
અંતરનાદનુ મળે જ્યાં બહાનું..
મારા સુખનું ત્યાં સરનામું..

છાયા શાહ.મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 187**
વિષય:સુખ નું સરનામું.
શીર્ષક : મનતણો દરબાર.
પ્રકાર : પદ્ય શબ્દો :૫૫.

સુખતણુ સરનામું જ્યાં અમે શોધવા નિસર્યો.
મનતણા દરબારમાં શાંતિ તણું મળ્યુ.

હેત, પ્રેમ અને સ્નેહ નું જ્યાં કર્યુ વાવેતર.
અંતર કેરી ધરતીમાં આનંદ બનીને મહોરીયુ.

સંતોષનું કીધું તરભાણુ ને તૃપ્તિ તણો કીધો અહેસાસ.
આનંદ, ઊષ્મા અને ઉમળકાથી હૈયું છે છલકાણુ.

ભક્તિ કેરો દિપ પ્રગટાવ્યો ને શ્રધ્ધા, વિશ્વાસ નું હદયે કીધું આસન.
સદગુરુવર કેરાં ચરણોમાં મળ્યુ સુખતણુ સરનામું.

લેખિકા : ચારુલતા દોશી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 347**
વિષય:- સુખનું સાચું સરનામું
શીર્ષક:- સુખનું સાચું સરનામું
પ્રકાર:- પદ્ય. શબ્દો:- ૪૩

હોય ભલે આર્થિક તંગી જીવનમાં,
ઈમાનદારી લોહીનાં કણ કણમાં!
ખાઈ શકે સૂકો રોટલો નિરાંતે,
ન હોય ફરિયાદ પરિવારને એની!
સુખદુઃખમાં રહેતો સદાય સાથે,
હોય મોટો કે નાનો પરિવાર!
સ્વજનોનો હેત ને આવકારો મીઠો,
વડીલોનાં જ્યાં વરસે આશિર્વાદ!
સુખનું એ જ સાચું સરનામું કહેવાય!!!

સ્નેહલ જાની, સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:376***
વિષય: સુખનું સાચું સરનામું★
શીર્ષક: સુખનું સાચુ સરનામુ એટલે મોક્ષ પ્રાપ્તિ★
પ્રકાર: ગદ્ય. શબ્દો: ૩૧૦★

પૃથ્વી પર જન્મ લેનાર દરેક વ્યક્તિ સુખ પ્રાપ્તિ માટે અનેક પ્રયત્નો કરતી હોય છે. ભૌતિક સુખ સગવડથી લૌકિક સુખ મળે છે પરંતુ, સાચું સુખ તો અલૌકિક સુખમાં છે, જેમાં વ્યક્તિએ સંસારની માયા છોડવાની હોય છે. માણસ જ્યારે કોઈ સદગુરુના સંપર્કમાં આવે છે ત્યારે તેને સુખનું સાચું સરનામું મળે છે.

સુખનું સાચુ સરનામું એટલે મોક્ષ પ્રાપ્તિ કે કલ્યાણ પ્રાપ્તિ. આ સંસારમાં દરેક માણસને સુખ કરતા દુઃખ વધારે છે. કારણકે, માણસની જરૂરિયાતનું ચક્ર હંમેશા ચાલ્યા જ કરે છે તેથી તેને સંતોષ થતો નથી ને તેથી તે પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે આખી જિંદગી દોડ્યા જ કરે છે ને છતાં પણ તેને સુખ મળતું નથી ને જે સુખ મળે છે એ પણ ક્ષણિક જ મળે છે. કરોડ કામ મૂકીને એક મોક્ષનું કામ જો માણસ કરે છે તો તેનો ભવ તરી જાય છે. પરંતુ આ મોક્ષપ્રાપ્તિ માટે એટલે કે, આ સુખનું સાચું સરનામું આપણને આપે કોણ? તો તેના માટે આપણે આપણા સદગુરુના સંપર્કમાં આવીને તેમણે જીવના કલ્યાણ માટેના બતાવેલા માર્ગ પર ચાલવું પડે છે ને સતત પ્રયત્ન કરતા રહેવું પડે છે.

જીવવા માટે જેમ હવાની જરૂર છે તેમ મોક્ષ પ્રાપ્તિ માટે સંતની જરૂર પડે છે. આપણા શરીરમાં પડેલા કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સ, અભિમાન, વાસના, આસક્તિ, સ્વાદ, સ્વાર્થ, એ બધા ખરાબ સ્વભાવ પડેલા છે. તેથી જ આપણે કોઈ સદગુરુના શરણમાં આવીને જીવના કલ્યાણ માટે તેમણે ચીંધેલા રાજમાર્ગે ચાલવું જોઈએ જેથી આપણને અપાર આનંદની અનુભૂતિ થાય છે. એટલે કે, તે આપણને સુખનું સાચું સરનામું એટલે કે મોક્ષ માટેની સીડી બતાવે છે.

ટૂંકમાં, અજ્ઞાનમાં રહેલો જીવ પોતાના આત્માનું જ્ઞાન મેળવી, શુદ્ધ બની પરમાત્માના શુદ્ધ અને વિજ્ઞાન સ્વરૂપમાં કાયમ આનંદમાં રહેવાની દશા પ્રાપ્ત કરે છે અને

આભાર - નિહારીકા રવિયા સંસારના દુઃખોમાંથી તેને છુટકારો થાય છે, એટલે કે જન્મ મરણની ઘટમાળમાંથી તે મુક્ત થાય છે. જીવનનો મુખ્ય ધ્યેય છે. જીવનનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે અને તે જ સાચા સુખનું સરનામું છે.

અપેક્ષા શાહ .અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
વિષય :- સુખનું સાચું સરનામું
શીર્ષક :- પ્રતીતિ સુખની
પ્રકાર :- અપદ્યાગદ્ય - શબ્દ :-૧૦૮

ગામડું આવે યાદ, વડલાની ઠંડી હવા પ્રસરતી;
ફળિયે આંબા સંગાથે, આકાશી દ્રષ્ટિ ટહેલતી.

દોસ્તારો જોડે દેશી રમતો રમતાં ભાવિ બનતું,
થીંગડાંવાળા કપડે સ્નેહ ને લાગણી મહેંકતી.

અલક મલકની રમતો સખીઓ સંગ રમાતી,
જિંદગીની એ પળો સદા પ્રીત પાલવડે બંધાતી.

શાળાના સહાધ્યાયીઓ ફરી હાથ ના આવ્યા,
ફાનસના અજવાળે ભવાઈઓ રહી ભજવાતી.

ગાડામાં બેસી જાનમાં જવું, બળદથી થતી ખેતી,
વરસાદ પણ જુએ વસ્તીને મોજથી પલળતી.

ઢોરાં ચારવા, બોરા વીણવા ને કાતરા ખાવા;
સરોવરની પાળ અને કૂવાના થાળની મસ્તી.

ગમાણે પશુઓ, રમતા શ્વાનથી ધબકતા વાડા;
જીવન સુખનું સાચું સરનામું છે પરસ્પર 'પ્રીતિ'.

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 184**
વિષય :-સુખનું સાચું સરનામું
શીર્ષક :-સંપ સંગ સુખ
પ્રકાર :- પદ્ય - શબ્દ :-૧૦૪

વિકાસ અને વિનાશ વચ્ચે ગૂંચવાઈ છે સફર,
સારાઈ ને સચ્ચાઈ સર્વત્ર રોવાઈ છે થરથર.

ધૂળ, માટી, ચૂલા ને ફળિયામાં હૂંફ રહેલી;
આજે ચિંતા ને ફફડાટથી ટોકાઈ છે નજર.

અબોલ જીવની સલામતી કેવી હતી ત્યારે,
ડામરીયા રસ્તે અબોલની ઝૂકાઈ છે ટગર.

ઘી-દૂધની નદીઓ, સાચું જ કરવું ને કહેવું;
સ્વપ્ન સમ ઈતિહાસની ઓલવાઈ છે મંજર.

અહીં સૌ કોઈ લખે, વાંચે, સરાહે, થાબડે;
સંગ સંગ સુખ પ્રારંભની બનાવાઈ છે પ્રહર.

સંયુક્ત કુટુંબ, સાથ ને સનાતન જ શાશ્વત;
આ જ સુખનું સાચું સરનામું, જળવાઈ છે ડગર.

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'

## "દાળમાં કંઈ કાળું છે કે પછી આખી દાળ જ કાળી..?""

આધારભૂત સૂત્રોથી મળેલ માહિતી
મુજબ સ્થાનિક પોલીસને હ્જી નો
રીપોર્ટ તો ક્યારનોય મળી ગયો છે.,

તો પછી સત્ય ઉપર જ પડદો
પાડવાનો પ્રયાસ કોણ અને શું
કામે કરાવી રહ્યુ છે..?
સત્વરે હ્જી નો રીપોર્ટ જાહેર કરો.
★""ખોવાયા છે, જડે ઈ જાણ કરજો""★
અમરેલીની આબરૂને ધૂળધાણી કરનારી
કલંકિત ઘટનાને આજે ૨૦-૨૦ દિવસ
થયા છતાં ચુંટાયેલા બધા જ ચુપ છે.,
અરે ચપટી વગાડનારા તો ખાલી ચુપ
જ નહી પણ સદંતર ગુમ છે..?
દાદા દવાખાનાનો દરવાજો ખોલવા આવે
ત્યારે મોં દેખાડ્યા જેવા રહે તોય સારુ..
""જડ્યા તોય, જીભ જલાણી""
આજે ૨૦-૨૦ દિ'ના વાણા વાયા.,
પછી જન નાયક જાહેરમા દેખાયા.!
ઈ પોલીસના સખ્ત ઘેરામાં ઘલાયા,
પછીય કેમ એના મોઢા શિવાયા...?

""ગર્જી ગર્જી, સિંહણ ગર્જી,
સ્વાભિમાની સિંહણ ગર્જી""

ભાગ્યા ભઈ ભાગ્યા..,
બધાંજ ભૂપ ભાગ્યા.!

લાલ લાઈટમાં ઘૂમનારા ભાગ્યા.,
કાયમ ચપટી વગાડનારા ભાગ્યા.,
સતાના અહંકારી આદમ ભાગ્યા.,

અરે આખાંય ગુજરાતને
કલંકિત કરનારા ભાગ્યા.?
""ગર્જી ગર્જી, સિંહણ ગર્જી,
સ્વાભિમાની સિંહણ ગર્જી""

શું કોન્ટ્રાક્ટમાં કમીશન લેનારા ભાગ્યા.?
શું ખનન માફીયાના ભાગીદાર ભાગ્યા.?
શું દારુની હાટડીયુ ખોલાવનારા ભાગ્યા.?

અરે શું કોઈને "બાપના દાડા" થી પણ
વંચીત રાખનારા ભાગ્યા..?

""ગર્જી ગર્જી, સિંહણ ગર્જી,
સ્વાભિમાની સિંહણ ગર્જી""

શું ખોટા કેસો કરાવનારા ભાગ્યા.?
શું કુંવારી કન્યાને લજવનારા ભાગ્યા.?
શું પોલીસના પટ્ટે પીટાવનારા ભાગ્યા.?
શું પોલીસના હપ્તા ખાનારા ભાગ્યા.?

શું એક નાનકડી એવી
નિર્દોષ છોડીથી ભાગ્યા..?

""ભાગ્યા-ભાગ્યા, તમે ભલે ભાગ્યા""

ભલે પીડીત પાયલના પત્રથી ભાગ્યા,
ભલે જાહેરમાં ચર્ચાના ચોરેથી ભાગ્યા,
ભલે મિડિયાના આકરા સવાલથી ભાગ્યા,
ભલે જનતાના આકરા મિજાજથી ભાગ્યા,

હવે ખુદ જ સરકાર થઈ ને પછી.,
ખાલી સંવેદનાઓ થીય ભાગ્યા.?

ઈનારી◦સ્વાભિમાન◦આંદોલન(અમરેલી પોલીસ પીડિતા બાબતે પરેશ ધાનાણી પોસ્ટ સાભાર)

# ગુજરાત ગૌરવ એવોર્ડ વિજેતા મુકેશભાઈ ભટ્ટ ના ભજન સત્સંગ આયોજન



ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ગૌરવ એવોર્ડ દ્વારા સન્માનિત મુકેશભાઈ ભટ્ટના ભજન સત્સંગ કાર્યક્રમ સરસપુર ખાતે યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં ચંદ્રકાંતભાઈ જયંતીલાલ ને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી મુકેશ ભટ્ટ ના ભજન રસિક મનહરસિંહ વાઘેલાએ અભિનંદન આપતા જણાવ્યું છે કે હિંદી ફિલ્મ ગીત ના ગાયક મુકેશ જેવો સ્વર મુકેશ ભટ્ટ નો હોવાથી તેમના ભજન સાંભળવા માટે યુવાનો પણ ઉત્સુક હોય છે

### મહિલાઓ પર તેમના ઘરના સભ્યો વિશ્વાસ કેળવે તે સમયની માગ

# ભ્રષ્ટાચાર પર અંકુશ લાદવો હોય તો રાજનીતિમાં મહિલાઓની ભાગીદારી વધારોઃ બાપુ



વડોદરામાં પ્રજા શક્તિ ડેમોક્રેટીક પાર્ટી (પીપીપી)ના શહેર કાર્યાલયનું ઉદઘાટન, અનેક યુવા અને મહિલાઓએ પાર્ટીની સદસ્યતા ગ્રહણ કરી, નવા ઉમંગ, નવા ઉત્સાહ અને નવા સિંચાર સાથે ગુજરાતના રાજકીય મેદાન પર ઉતરી પડેલા પૂર્વ મુખ્યમંત્રીએ વડોદરામાં તેમની પાર્ટીનાં નવા કાર્યાલયનું ઉદઘાટન કરીને મહિલાઓની રાજનીતિમાં ભાગીદારી પર વિશેષ ભાર મુક્યો હતો. મહિલાઓની ભાગીદારી વધે તો ભ્રષ્ટાચાર પર અંકુશ મુકી શકાય એવું બાપુનું માનવું છે. ગ્રામ પંચાયતથી માંડીને મહાનગર પાલિકા સુધી મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરતાં ખરડાએ મહિલા સશક્તિકરણને બળ આપ્યું હતુ પરંતુ ઉમદા ધ્યેયથી ઘડવામાં આવેલા કાયદાનો મહિલાઓના પતિ દ્વારા દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. ગ્રામ પંચાયતના સભ્યથી માંડીને મહાનગર પાલિકાના કોર્પોરેટર અથવા પદાધિકારી મહિલાઓના પતિઓ દ્વારા જ વહીવટ કરવામાં આવતો હોવાથી મહિલાઓની ભાગીદારી નામ પુરતી રહી ગઈ છે. મહિલાઓની ભાગીદારી વધારવા સાથે તેમના પાવર વધારવા પર ભાર મુકતા શંકરસિંહ વાઘેલા બાપુએ કહ્યું કે, લોકસભાના પૂર્વ સ્પીકર સુમીત્રા મહાજને રાજનીતિમાં પ્રવેશ મેળવતા પહેલાં સાસુ તેમજ પતિની પરવાનગી લીધી. રાજકીય પાર્ટી અને તેમાંયે ચૂંટણી પ્રચાર દરમિયાન ઘરે પહોંચતા રાત્રે ૧૨ પણ વાગી શકે એવું પણ સુમીત્રાજીએ કહ્યું હતું. તેમની સ્પષ્ટ વાત સાંભળીને પતિ તેમજ સાસુજીએ રાજકીય સફરની મંજુરી આપી હતી. આવી જ રીતે મહિલાઓને ઘરના સભ્યો જ પ્રોત્સાહિત કરે અને તેમના પર પૂર્ણ વિશ્વાસ રાખીને રાજકીય રીતે આગળ વધવા દે તો ભ્રષ્ટાચાર પર અંકુશ લાદી શકાય છે કેમકે દરેક મહિલા દિકરીથી લઈને પત્ની, માતા, વહુ તેમજ સાસુનો રોલ નિભાવતી હોવાથી તેમને ઘરના મેનેજમેન્ટનો બહોળો અનુભવ હોય છે. બચતનીતિ તેમની પ્રાથમિકતા હોય એટલે રાજકીય પદ પર પહોંચે તો સૌપ્રથમ તેઓ બચતના રસ્તા શોધે જેનાથી સીધેસીધું ભ્રષ્ટાચાર પર અંકુશ મેળવી શકાય. આપે ખુબ ઓછા ઉદાહરણો જોયા હશે જેમાં ભ્રષ્ટાચારના કેસમાં મહિલાઓની સીધી સંડોવણી જાહેર થઈ હોય. એટલે મહિલાઓને રાજકીય પાર્ટી સાથે જોડાવવું જોઈએ. તેમની સુરક્ષાની જવાબદારી બાપુએ પોતાના ખભે લીધી છે.

કોલેજકાળથી વડોદરા સાથે સંકળાયેલા બાપુએ આંદોલન દરમિયાન પણ વડોદરામાં જેલવાસ ભોગવ્યો હતો એટલે વડોદરાના ઈતિહાસ તેમજ ભૂગોળથી સારી રીતે પરિચિત બાપુએ વડોદરાના આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું નામકરણ કરવામાં વડોદરાના રાજવી પરિવારના નામનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) એ વડોદરાના વિકાસમાં સિંહફાળો આપ્યો છે એટલે વડોદરા ઈન્ટરનેશનલ એરપોર્ટનું નામ સર સયાજીરાવ ગાયકવાડ જ હોવું જોઈએ એમ બાપુએ ભારપૂર્વક ઉમેર્યું હતું.

ગુજરાતના યુવાઓથી માંડીને વૃદ્ધ તેમજ મહિલાઓમાં લોકપ્રિયતા ધરાવતા બાપુએ આક્રમક શૈલીના દર્શન કરાવતા જણાવ્યું કે, આજના યુવાનો આવતીકાલના દેશના નેતા છે. તેઓ ભારતના ભવિષ્ય છે એટલે કોઈપણ તાકતોથી ડરવાની જરૂર નથી. યુવાઓ તેમજ મહિલાઓમાં જોશ ભરતા બાપુએ કહ્યું કે 'નિડર બનો, લીડર બનો, બાકી બધુ બાપુ પર છોડી દો'. બાપુએ કહ્યું કે '૨૪ બાય ૭' હું તમારા માટે અવેલેબલ છું. ગમે ત્યારે જરૂર પડશે હું તમારી સાથે છું.' બાપુના જોશીલા ભાષણ બાદ વડોદરામાં મોટી સંખ્યામાં યુવાઓ તેમજ મહિલાઓ પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટી (અંગ્રેજીમાં પીપલ્સ પાવર પાર્ટી)માં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને પાર્ટીની સદસ્યતા ગ્રહણ કરી હતી.બાપુએ કહ્યુંકે, ગુજરાતની મુખ્ય પાર્ટીઓનું પ્રમુખપદ, મુખ્યમંત્રી પદ, કેન્દ્રીમંત્રી પદ, વિધાનસભામાં વિપક્ષનું નેતાપદ જેવી મહત્વપૂર્ણ જવાબદારી સ્વીકાર્યા પછી કોઈ લોકોને એવું લાગતું હોય કે બાપુ આ ઘરડી ઉંમરે ફરીથી કઈંક પામવા માટે રાજકીય મેદાનમાં કુદી પડ્યાં છે તો એ તેમની ભૂલ છે. ઈશ્વરનું આપેલું બધુ જ છે તેમજ ખુબ સુખી છે પરંતુ લોકોની વેદના સાંભળીને બાપુ ફરીથી ઘરની બહાર નિકળ્યા છે. બાપુને કોઈ પદ કે હોદ્દાની લાલચ નથી. તેમણે ઉમેર્યું કે આ પાર્ટી લોકોને તેમના પાવર અપાવવા માટે પ્રતિબદ્ધતા જાહેર કરે છે

## મુંબઈ મેરેથોનની તૈયારીઓના ભાગરૂપે ગાંધીનગરના મેરેથોન રનર્સનો મેળાવડો!





મુંબઈમાં યોજાતી મેરેથોનમાં ભાગ લઈ ફિનીશરનો મૅડલ જીતવાની સૌ મેરેથોન રનર્સની ઈચ્છા હોય છે. આ રવિવારે મુંબઈ ખાતે યોજાનાર મેરેથોનમાં ગાંધીનગરના રનર્સને શુભેચ્છાઓ આપવા અને ગયા મહિનામાં મેરેથોન વિજેતા થયેલા રનર્સનું સન્માન કરવાનો કાર્યક્રમ સુમન ટાવર ખાતે સિનિયર મેરેથોન રનર જગત કારાણીના યજમાન પદે યોજાઈ ગયો.

ગાંધીનગરના મેરેથોન રનર્સના આ મેળાવડામાં પિન્કી જહા, જગત કારાણી, સંજય થોરાત, મીતેશ ગજ્જર, રાજેશ્રી પરમાર, પ્રદીપ ગેહલોત, રજનીકાંત પરમાર, ડૉ. જિજ્ઞાસા હુમ્મર, હરિશ્ચંદ્ર, દિલીપ શર્મા, કોચ રાહુલ શર્મા, મયંકા શર્મા, શૈલેષ ભાટી, જિજ્ઞેશ ભરવાડ, મિલન મિસ્ત્રી, પલ્લવી મિસ્ત્રી, અલ્ટ્રા સાયક્લિસ્ટ વિવેક શાહ, જીગર, ભરતભાઈ પટેલ, કેતન દવે, નવિન પોડુવાલ, શ્રવણ સુથાર, સત્યા જેના, સુશીલ શર્મા, ડૉ. દર્શના પિપાલીયા, ગૌતમ રાજપૂત, તિમિષ સોનકેશરિયા સહિત અનેક રનર્સ જોડાયા હતા.

આ કાર્યક્રમમાં અમદાવાદ ડિસ્ટન્સ રનર્સ ગ્રૂપના રજનીકાંત પરમાર દ્વારા જગત કારાણીને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગરના દસ પોડિયમ ફિનિશર એટલે કે વિજેતા રનર્સ હરિશ્ચંદ્ર, પ્રદીપ ગેહલોત, પિન્કી જહા, મયંકા શર્મા, પલ્લવી મિસ્ત્રી, રાજેશ્રી પરમાર, શૈલેષ ભાટી, રજનીકાંત પરમાર, જગત કારાણી, ડૉ. જિજ્ઞાસા હુમ્મરને વિશેષ અભિનંદન આપવામાં આવ્યા હતા. મજાની વાત એ હતી કે આ મેળાવડામાં મેરેથોન સીવાય બીજી કોઈ વાત કે ચર્ચા નહોતી. મકરસંક્રાંતિના તહેવારની સાથે આ મેળાવડામાં ઊંધીયુ જલેબીનો જમણવાર રાખવામાં આવ્યો હતો.

## ગુજરાતમાં ૬૬ લાખ ખેડૂતોના લક્ષ્યાંક સામે 33 લાખથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ

ગાંધીનગર,

ખેડૂતોની નોંધણીમાં નવસારી, ડાંગ અને જૂનાગઢ જિલ્લો અગ્રેસર; જિલ્લામાં ક્રમશઃ ૭૪ ટકા, ૭૧ ટકા અને ૬૯ ટકા નોંધણી પૂર્ણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશના દરેક ખેડૂતને હવે એક આગવી ઓળખ મળશે. એક વિશેષ પહેલના ભાગરૂપે ગુજરાતમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના લેંડ રેકર્ડને યુનિક આઈ.ડી સાથે લીંક કરવા માટે ગત તા. ૧૫ ઓક્ટોબરથી ફાર્મર રજીસ્ટ્રી શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં પી.એમ. કિસાન યોજનાના ૬૬ લાખ જેટલા ખેડૂત લાભાર્થીઓની ફાર્મર રજીસ્ટ્રી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. જેની સામે અત્યાર સુધીમાં રાજ્યના ૩૩ લાખથી વધુ ખેડૂતો એટલે કે, ૫૦ ટકાથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઇ છે. ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ છે. ગુજરાતે દેશમાં સૌપ્રથમ ૫૦ ટકા ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી ''સ્પેશિયલ સેન્ટ્રલ આસીસ્ટન્સ' તરીકે રૂ. ૧૨૩.૭૫ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવશે. અગાઉ પણ ગુજરાતને ૨૫ ટકા ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી રૂ. ૮૨ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.

## સાબરડેરીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર ડોક્ટર એમ એન પટેલ નો વય નિવૃત્તિ સમારોહ યોજાયો

સાબરડેરી ખાતે આસિસ્ટન્ટ જનરલ મેનેજર એફ ઓ ના પદ પરથી થી ૫૮વર્ષ ની વય નિવૃત્તિ સમારોહ આજે સાબરડેરી ખાતે સાબરડેરી ના મેનેજિંગ ડિરેક્ટર સુભાષભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને શુભેચ્છા સમારોહ રાખવા માં આવ્યો હતો આ પ્રસંગે સાબરડેરી ના એમ પી ઓ વિભાગ તેમજ વહીવટી વિભાગ ના અધિકારીઓ અને સાબરકાંઠા જિલ્લા તેમજ અરવલ્લી જિલ્લાના એમ પી ઓ સ્ટાફ ની ઉસ્થિતિ માં વિદાય સમારોહ રાખવામાં આવેલ હતો જેમાં વિદાય લેતા ડોક્ટર મહેન્દ્રભાઈ એન પટેલ ને મોમેન્ટો શાલ શ્રીફળ તેમજ પુષ્પમાળા અર્પણ કરવામાં આવી હતી ડોક્ટર મહેન્દ્રભાઈ પટેલે



સાબરડેરી ના આંતર રાજ્ય માં આવેલા દૂધ પ્રાપ્તી કરતા સેન્ટરો ની જવાબદારી વહન કરતા હતા જેમના વિદાય સમારોહ માં સાબરડેરી ના એકાઉન્ટ વિભાગ ના વિભાગીય વડા એલ એમ ઝાકટિયા, ડોક્ટર જે .કે પટેલ. ડોક્ટર આર.બી.પટેલ.ડોક્ટર ડી ડી પટેલ.ડોક્ટર સમીર પટેલ ડોક્ટર જે એન પટેલ,એમ પી ઓ ના હરેશભાઈ પટેલ,અંકુર પટેલ , એમ પી ઓ ઇન્ચાર્જ સંદીપ પટેલ હેમંત પટેલ ,તેમજ તમામ એમ પી ઓ વિભાગ ના ઇન્ચાર્જ અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા હતા અને વિદાય સમારોહ યોજાયો હતો

## ભાવનગર ખાતે કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને માર્ગ સલામતીનો કાર્યક્રમ યોજાયો



સમરસ ગર્લ્સ હોસ્ટેલ, ભાવનગર ખાતે કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને આજે માર્ગ સલામતીનો કાર્યક્રમ યોજાયો હતો. આ વેળાએ રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ માર્ગ સલામતી અંગે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ તે અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી.

કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી સેજલબેન પંડ્યા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ડૉ. હર્ષદ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી રાજુભાઈ રાબડીયા, શ્રી કિશોરભાઈ ગુરુમુખાણી, શ્રી મુકેશભાઈ ડાભી, શિક્ષણ સમિતિના સદસ્યશ્રી પરેશભાઈ ચૌહાણ, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય ડૉ.પ્રકાશભાઈ રાઠોડ, આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર શ્રી આઈ.એસ.ટાંક તથા પી.આઈ. શ્રી કે.એસ.પટેલ, સમાજ કલ્યાણ અધિકારીશ્રી દીપકભાઈ તથા મીનાબેન રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ખાનગી વાહનમાં મુસાફરી કરવા જતાં વૃદ્ધ દંપતી લૂંટાયું

અમદાવાદના ગોતા વિસ્તારમાંથી અંબાજી દર્શન માટે નીકળેલા નિવૃત્ત સરકારી અધિકારી અને તેમના પત્નીને ગઠિયા ગેંગે નિશાન બનાવ્યા છે. ગોતા ચોકડી પાસેથી સફેદ સેવન સીટર કારમાં લિફ્ટ આપવાના બહાને બેસાડી ગઠિયાઓએ વૃદ્ધના ગળામાંથી ૧.૧૦ લાખની કિંમતનો સોનાનો દોરો ચોરી લીધો હતો.

ફાગણા તરાલ (જીએસટી વિભાગના નિવૃત્ત સહાયક રાજ્ય વેરા કમિશનર) અને તેમના પત્ની તનુજાબેન ગઈકાલે સવારે ૧૧ વાગ્યે અંબાજી દર્શન માટે નીકળ્યા હતા. ગોતા ચોકડી પાસે વાહનની રાહ જોતા હતા ત્યારે એક સફેદ સેવન સીટર કાર આવી. કારમાં સવાર વ્યક્તિએ અંબાજી જવાની વાત કરી દંપતીને લિફ્ટ આપવાની ઓફર કરી.કારમાં બેસ્યા બાદ ગઠિયાઓએ વૃદ્ધ દંપતીને અલગ અલગ સીટ પર બેસાડ્યા અને ચાલુ કારમાં આપસમાં ધક્કામુક્કી કરવાનું નાટક કર્યું. અડાલજ નર્મદા કેનાલ પાસે કલોલમાં બે વ્યક્તિઓને લેવાના બહાને દંપતીને ઉતારી દીધા. ત્યારબાદ વૃદ્ધને ખ્યાલ આવ્યો કે તેમના ગળામાંથી સોનાનો દોરો ગાયબ છે.આ ઘટના અંગે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે સાત અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### ગાંધીનગરમાં ફળાઉ વૃક્ષોની સંખ્યા ચિંતાજનક

## જિલ્લામાં ૧.૩૮ કરોડ વૃક્ષો પૈકી માત્ર ૩.૭૩% ફળાઉ, ૭૪.૫૫% નીલગીરી અને ૮.૦૭% લીમડાના વૃક્ષો



ગાંધીનગર જિલ્લા વન વિભાગ દ્વારા કરવામાં આવેલા તાજેતરના સર્વેમાં ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. જિલ્લાના નોન ફોરેસ્ટ એરિયામાં નોંધાયેલા કુલ ૧.૩૮ કરોડ વૃક્ષો પૈકી માત્ર ૩.૭૩ ટકા જ ફળાઉ વૃક્ષો છે, જે રાજયમાં સૌથી ઓછું પ્રમાણ છે.

સર્વેના આંકડા મુજબ, કુલ વૃક્ષોમાં સૌથી વધુ ૭૪.૫૫ ટકા નીલગીરીના વૃક્ષો છે, ત્યારબાદ ૮.૦૭ ટકા લીમડા, ૪.૨૫ ટકા દેશી બાવળ, ૪.૧૧ ટકા અરડુસો અને ૨.૧૨ ટકા કણજીના વૃક્ષો છે. ફળાઉ વૃક્ષોમાં આમળાનું પ્રમાણ માત્ર ૦.૭૬ ટકા છે, જ્યારે સરગવો, આંબો, લીંબુ અને જાંબુના વૃક્ષોની સંખ્યા પણ નહીવત છે.

એક સમયે ગાંધીનગર શહેર ફળાઉ વૃક્ષોથી સમૃદ્ધ હતું, પરંતુ શહેરી વિકાસના કારણે આ વૃક્ષોનું કટિંગ થયું અને ઝડપથી ઊગી નીકળતા વૃક્ષોને પ્રાધાન્ય અપાયું હતું. આ પરિસ્થિતિને સુધારવા માટે વન વિભાગે ફળાઉ વૃક્ષોના વાવેતર માટે વિશેષ અભિયાન શરૂ કર્યું છે.વન વિભાગની યોજના મુજબ, લાકડું આપતા વૃક્ષોની સમકક્ષ ફળાઉ વૃક્ષોનું વાવેતર કરવાનું લક્ષ્ય છે. વિભાગે સાયન્સ કોલેજ પાસે આમળા અને વાસણિયા મહાદેવ ખાતે આંબાના વૃક્ષોનું વાવેતર શરૂ કર્યું છે. સાથે જ નોન ફોરેસ્ટ એરિયામાં લોકો વધુને વધુ ફળાઉ વૃક્ષો વાવે તે માટે જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે.

## પાટનગરમાં ઠંડા પવન સાથે લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રી, આગામી ૪૮ કલાકમાં ૨-૩ ડિગ્રી વધશે

ઉત્તર ભારતમાં સક્રિય થયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. આજે સવારે લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે ગઈકાલના ૧૪ ડિગ્રી કરતાં બે ડિગ્રી વધુ છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ, આગામી ૪૮ કલાકમાં લઘુતમ તાપમાનમાં વધુ ૨-૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે. વિભાગે આગામી ૬ દિવસ માટે રાજ્યમાં સૂકા હવામાનની આગાહી કરી છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની સંભાવના છે, જ્યારે રાત્રે તાપમાન ૧૭ ડિગ્રી સુધી નીચે જઈ શકે છે.

જાણીતા હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ૨૨ જાન્યુઆરીથી હવામાનમાં નોંધપાત્ર પરિવર્તનની આગાહી કરી છે. તેમના મતે, ૨૨થી ૨૪ જાન્યુઆરી દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી શકે છે. હાલમાં ઉત્તર-પૂર્વ દિશામાંથી ૯ માઈલ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે અને હવામાં ભેજનું પ્રમાણ ૩૭ ટકા નોંધાયું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.